ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ગ્રંથાલયમાં ICT ડિવાઈસ ની ઉપયોગીતા

જય જાની, ધ્રુવ શર્મા

કોલેજ ગ્રંથપાલ, સહાયક ગ્રંથપાલ

**કીવર્ડ્સ:** ઈન્ફોર્મેશન, **ios,** એન્ડ્રોઈડ, હોલોગ્રામ

**એબ્સ્ટ્રેક્ટ:** આ પેપરમાં ગ્રંથાલયમાં ઉપયોગ થતાં ICT ડિવાઈસ વિશે ચર્ચા કરવામાં આવી છે જેના ઉપયોગથી લાઈબ્રેરીના કાર્યો સરળ અને યુઝરને સારા અનુભવ આપી શકે. અહીં ટાઈપરાઈટર થી શરૂ થઈ હાલની હોલોગ્રામ ટેકનોલોજી સુધીની ચર્ચા કરેલ છે.

ઉત્ક્રાંતિની શરૂઆતમાં મનુષ્ય માહિતીની આપ-લે ઈશારાથી લઈને આજે whatsappની  માહિતીના મૂળ સ્ત્રોત  પહોંચવાની  સફર કરી ચૂક્યા છીએ. જેમાં  મૂળભૂત ભૂમિકા માહિતી આપ-લેની રહેલી છે. આદિકાળથી જે માનવ સભ્યતા માહિતી  ની વધારે આપ-લે કરતા તે લોકો અન્ય સભ્યતાની તુલનામાં વિકસીત  હતી. માહિતી સંચય અને પ્રસરણ માટેની ગુફાચિત્રો થી લઈને આજે ક્લાઉડ કમ્પ્યુટિંગ યુગમાં રહીએ છીએ. આદિકાળમાં માહિતી  સંચય માટે ગુફા ચિત્ર , ટેબલેટ, પત્ર, પત્રો ઉપયોગ થતો જેમાં આંગળી હાથ ની ડાળી જેવા સાધનોનો ઉપયોગ થતો હતો. જ્યારે આજે 1TB સુધીના મેમરી કાર્ડ બજારમાં ઉપલબ્ધ છે જેમાં ભરપૂર માત્રામાં માહિતી સાચવી શકાય છે અને તેની સાઈઝ નખ  કરતાં પણ નાની હોય છે.

આ પ્રમાણે લાઈબ્રેરીઓમાં પણ ભોજપત્ર, તામ્રપત્રો થી લઈને  સર્વર બેઈઝ  સર્વિસ નો ઉપયોગ કરીએ છીએ. લાઈબ્રેરીઓમાં ઘણા પ્રકારના ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી ઉપયોગ કરે ને ડોક્ટર રંગનાથન ના પાંચેય પુત્રોને યથાર્થ કરી શકાય છે . ઈન્ફોર્મેશન ટેકનોલોજી ડિવાઈસ ના ઉપયોગથી  યુઝર ને  માહિતી સુધી ઝડપથી પહોંચાડી શકાય છે અને શક્ય છેકે  યુઝરને લાઈબ્રેરી સુધી પહોંચવું જ ન પડે.

પહેલાના સમયમાં જે કાર્યો લાઈબ્રેરીમાં હાથ દ્વારા  અથવા ઘણો મોટો માનવશ્રમ અને સમય લાગતો તે ધીમે ધીમે ટેકનોલોજી  ના વિકાસ સાથે ઓછા માનવશ્રમ, સમય અને ચોકસાઈપૂર્વક કાર્ય થવા લાગ્યા.  અહીં કેટલાક ઈન્ફોર્મેશન અને ટેકનોલોજીના ડિવાઈસ વિશે ની માહિતી આપવામાં આવેલ છે. જેથી લાઈબ્રેરી અને  યુઝર સેતુનું કાર્ય કરી શકે છે.

**ટાઈપરાઈટર :** આ ડિવાઈસ લખાણ પ્રવૃત્તિના ક્ષેત્રે ક્રાંતિનું કાર્ય કર્યું.  ટાઈપરાઈટર ના કારણે  અક્ષરોમાં એકરૂપતા જોવા મળે, લાઈબ્રેરીઓ ના ઘણા કાર્ય જેવા કે  કેટલોગ કાર્ડ,બુક કાર્ડ, સૂચિઓ વગેરે ટાઈપ થઈ અને લાંબા સમય સુધી જળવાઈ રહેતી.

**માઈક્રોફોમ :** માઈક્રોફોમ દ્વારા ડોક્યુમેન્ટ નું કદ નાનું થયું .જેના કારણે ગ્રંથાલયમાં જગ્યાનો અભાવ ની સમસ્યા દૂર થતી જોવા મળી ત્યારબાદ માઈક્રો બુક , માઈક્રોફિશ  જેવા સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યા પરંતુ આ પ્રકારના સ્વરૂપ વાંચવા માટે ડિવાઈસ ની જરૂરિયાત  રહેતી.

**કોમ્પ્યુટર:** કોમ્પ્યુટર નો જન્મ  જટીલ ગણિતીય ઉકેલ માટે થયો હતો.  શરૂઆતમાં કમ્પ્યુટરનો ઉપયોગ વૈજ્ઞાનિક સંશોધકો અને સંરક્ષણ ક્ષેત્રે થતો હતો. પણ સમય જતા વેપાર ક્ષેત્રે પણ કમ્પ્યુટર નો ઉપયોગ વધ્યો અને કોમ્પ્યુટર એક અભ્યાસનો અભિન્ન અંગ બન્યું. જેથી લાયબ્રેરી પણ કમ્પ્યુટર ના ઉપયોગ થી વંચિત ન રહયુ .  કમ્પ્યુટર ના ઉપયોગ થી લાઈબ્રેરીના  કાર્ય સરળતાની સાથે  ઝડપી બની ઈન્ટરનેટ સોનામાં સુગંધ નું કાર્ય કર્યુ અને લાઈબ્રેરીની સેવાઓ ઓછા ખર્ચે ,ઝડપીઅને વિશ્વવ્યાપી બની.

**મોબાઈલ :**  લગભગ ૨૦૦૦ સાલથી  ભારતમાં મોબાઈલ લોકપ્રિય થવા લાગ્યા હતા.  શરૂઆતના ફોન માત્ર કોમ્યૂનિકેશન માટે જ ઉપયોગ થતો  હતો પરંતુ ધીમે ધીમે મોબાઈલ એસએમએસ, એમએમએ, ફોટા વિડિયો, કેમેરા સાથે ના ફોન ત્યારબાદ કેમેરાની સંખ્યા વધતી ગઈ  અને ૨૦૧૦  શરૂઆતમાં ભારતમાં એન્ડ્રોઈડ મોબાઈલ આવી ચૂક્યા હતા. અને બેથી ત્રણ વર્ષમાં એટલા પ્રખ્યાત થયા જેને સામાન્ય ફોન નું સ્થાન લઈ માત્ર કોમ્યુનિકેશન નહીં તે સિવાયની ઘણી સવલતો પૂરી પાડવા લાગ્યું.  એન્ડ્રોઈડ ફોનના કારણે ઈન્ટરનેટ આંગળીના ટેરવે આવ્યો

ઈન્ટરનેટની મદદથી લોકો સોશિયલ મીડિયાના સંપર્કમાં આવ્યા અને  માહિતીની આપ-લે ખૂબ જ સરળ બની,જ્ઞાન મેળવવું ખૂબ જ સરળ  બન્યું.  એન્ડ્રોઈડ  પ્રખ્યાત થવા પાછળ નો એક કારણ  પણ છે  આ ફોનમાં મનોરંજન માટે  ઘણા વિકલ્પો છે. જેમાં ઓડિયો, વીડિયો,  વિડીયો ગેમ , વાંચન પ્રવૃત્તિ  માં પણ વધારો થયો

**ટેબલેટ:** એન્ડ્રોઈડ ફોનની મર્યાદા એક હતી  સ્ક્રીન સાઈઝ અને બેટરી  મર્યાદિત હતી. એન્ડ્રોઈડ ફોનનો  જેથી વધુ પડતો ઉપયોગ શક્ય ન હતો . તેની મર્યાદાઓ દૂર કરવા માટે ટેબલેટ નો કોન્સેપ્ટ લોન્ચ કરવામાં આવ્યો જેમાં 7"  થી વધુ સ્ક્રીન  વધુ બેટરી  લાઈફ મળતી જેથી કરી  અભ્યાસ, ઓફિસ, વાંચન અને મનોરંજન સહેલાઈથી થઈ શકતું, અને લોકોને લેપટોપનો એક વૈકલ્પિક ઉકેલ આપતું લાઈબ્રેરીઓ પણ ટેબલેટ્સ માં e-books ઓડિયો, વિડિયો મટીરીયલ, ડેટાબેઝ, સબસ્ક્રિપ્શન  માનસિક વિકાસ થાય તેવી ગેમ્સ સાથે ડિવાઈસ આપી શકાય છે  હવે ગુજરાત સરકાર દ્વારા કોલેજ વિદ્યાર્થીઓને  ટેબલેટ ઉપલબ્ધ કરાવવામાં આવે છે જેથી તેમના અભ્યાસ  પ્રગતિશીલ રહે  ઘણા  પ્રીમિયમ કેટેગરીના  ટેબલેટ માં touch pen નો સપોર્ટ હોવા થી  તેમાં લખાણ અને  ચિત્રકલામાં ઉપયોગી થાય છે

**આયો ઓ એસ (ios) ડિવાઈસ :** એન્ડ્રોઇડ એક ઓપન પ્લેટફોર્મ છે. જેમાં અલગ-અલગ કંપની હાર્ડવેર બનાવે છે અને ડેવલપર દ્વારા એપ્લીકેશન બનાવવામાં આવે છે. પરંતુ ઘણીવાર એન્ડ્રોઇડમાં પર્ફોમન્સ ઈસ્યુ જોવા મળે છે કારણકે હાર્ડવેર અને સોફ્ટવેર સુમેળભર્યા હોતા નથી પરંતુ IOS ડિવાઈસમાં મોટાભાગે એપલ કંપની દ્વારા ડિવાઈસ બનાવવામાં આવે છે. આખા વિશ્વમાં મોટાભાગે સમાન રૂપે હોય છે અને તેની ઓપરેટિંગ સિસ્ટમ ડિવાઈસને અનુરૂપ હોય છે. એપલ દ્વારા બનાવવામાં આવતા ડિવાઈસ મોટાભાગે અત્યંત આધુનિક ટેક્નોલોજી ને અનુરૂપ હોય છે એપલ દ્વારા બનાવવામાં આવતા ડિવાઈસ તેની ઝડપ ગુણવત્તા અને સુસંગતતા માટે પ્રખ્યાત છે. સંશોધન ક્ષેત્ર , કોલેજ લાયબ્રેરી. સંશોધકો અને સંશોધનકાર્ય સાથે જોડાઈ લાઈબ્રેરી માટે IOS ખૂબ જ સારી ભૂમિકા ભજવી શકે છે. IOS ડિવાઈસ ની કિંમત બજારમાં મળતા અન્ય ડિવાઈસઓની સરખામણીમાં થોડીક વધારે હોય છે. IOS ડિવાઈસ એવી જગ્યાએ ઉપયોગી છે જ્યાં કિંમત અગત્યની નહિ પણ કાર્ય અને પરિણામ અગત્યના છે

**પ્રોજેક્ટર :** પ્રોજેક્ટર એક સામૂહિક માહિતી પ્રસારણ નું સાધન છે જ્યારે કોમ્પ્યુટરની સ્ત્રી મર્યાદિત હોય છે પરંતુ એક જ કમ્પ્યુટર સાથે પ્રોજેક્ટર સામૂહિક રીઝલ્ટ જ્ઞાન વેચી શકાય છે. હાલના LED પ્રોજેક્ટર ની ગુણવત્તા ખૂબ જ સારી છે . હાલના પ્રોજેક્ટર output સાથે touch pen સ્માર્ટ બોર્ડ ના input પણ લે છે ઘણી સ્કૂલોમાં તેમને ચોક અને ડસ્ટર નું સ્થાન લઈ લીધું છે તે ઉપરાંત વિસ્તરણ સમયે અલગ-અલગ હાઈલાઈટ પણ કરી શકાતા હોય છે અને હવે નવી ટેક્નોલોજી પ્રમાણે થ્રીડી પ્રોજેક્ટર પણ બજારમાં ઉપલબ્ધ છે જે પ્રોજેક્ટના output ને થ્રીડી સ્વરૂપે દર્શાવે છે જેના માટે યુઝરે થ્રીડી ક્લાસીસ નો ઉપયોગ કરવો પડે છે. હાલમાં મેડિકલ સાયન્સમાં માનવ શરીરનો 3d અને 4d સ્વરૂપે ચિત્ર રજૂ કરે છે અને તેને હાથ દ્વારા દિશા બદલી અલગ-અલગ એંગલથી માનવ શરીર ને જોઈને સમજી શકાય છે

**ebooks રીડર:** માર્કેટમાં ઘણાં પ્રકારના ની બુક્સ ડિવાઈસ ઉપલબ્ધ છે જેમાં amazon kindle, samsung અને અન્ય ઘણી કંપનીઓ ના ડિવાઈસ જોવા મળે છે. આ પ્રકારના ડિવાઈસ માત્ર વાંચન માટે ઉપયોગ થાય છે. જે વિદ્યાર્થીઓ માટે ખુબજ ઉપયોગી છે અન્ય ડિવાઈસ માં વાંચન કરતી વખતે અન્ય પ્રવૃત્તિ માટે બેધ્યાન અને દુરુપયોગ થવાની શક્યતા રહે છે. જ્યારે kindle જેવા ડિવાઈસમાં પેરેંટલ કંટ્રોલ સાથે બાળકોને ચિંતામુક્ત થઈ વપરાશ માટે આપી શકાય છે . નવા ડિવાઈસમાં amazon audible સાથે બુકો સાંભળી પણ શકાય છે.

**VR BOX :** VR Bok ને વર્ચ્યુઅલ રિયાલિટી બોક્સ પણ કહે છે અહીં ઉપલબ્ધ સામગ્રી 360 સ્વરૂપે જોઇ શકાય છે. જેમાં આપણને વસ્તુ આંખો સામે હોય તેવો ભાસ થાય છે. માથાની દિશા પ્રમાણે તે બાજુના દ્રશ્ય રજૂ કરે છે અને તેને માત્ર આંખ અને માથાના ઈશારા દ્વારા કન્ટ્રોલ કરી શકાય છે અને સિનેમાઘરમાં થ્રીડી સ્વરૂપે નો વિડીયો માણી શકાય છે. Samsung, Google જેવી કંપનીઓના બોક્સ ટીચર દ્વારા કંટ્રોલ કરીને વીડિયોને પુશ,ફોકસ અને ઝૂમ કરી વિદ્યાર્થીઓ અને સમજૂતી આપી શકે છે.

**હોલોગ્રામ :** હોલોગ્રામ દ્વારા વસ્તુ ને પ્રસ્તુતી ઉચ્ચ કક્ષાએ લઈ જઈ શકાય હોલોગ્રામ દ્વારા કેટલીક વસ્તુઓ થ્રીડી અને 4Dસ્વરૂપે રજુ કરી શકાય છે. કેટલાક પ્રકાર ના પ્રોગ્રામ લાયબ્રેરીમાં ઉપયોગ થઈ શકે છે. ફરતા પંખા પર ગુણવત્તાવાળી આરસીબી લાઈવ ગોઠવી પ્રોગ્રામિંગ દ્વારા થ્રી-ડી સ્વરૂપ પ્રદર્શિત થાય છે. લેઝર લાઇટ, આયનોઇઝ પાર્ટિકલ જેવી ટેકનોલોજીનો ઉપયોગ હોલોગ્રામ માં થાય છે. પ્રોગ્રામ દ્વારા યુઝરને આકર્ષણ અને માહિતી પૂરી પાડી શકે છે હોલોગ્રામ ટેકનીક વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ઘણી ઉપયોગી છે જેમાં મેડીકલ એન્જિનિયરિંગ સીવીલ જેવા પ્રવાહોમાં વિષયવસ્તુને રૂબરૂ અનુભવ કરી શકાતા હોય છે ખાસ કરીને ટેબલ હોલોગ્રામ માં વસ્તુ સ્પર્શ કરે અને અલગ-અલગ દિશાએથી જોઈ સમજી શકાય છે વર્ગખંડ ની અંદર આ ટેકનિકનો ઉપયોગ કરી શિક્ષક અને વિદ્યાર્થીઓનો ભૌતિક અંતર દૂર કરી શકાય છે .MDH કંપની દ્વારા નરેન્દ્ર મોદીના ચુનાવ પ્રચાર દરમિયાન આ ટેક્નોલોજીનો ઉપયોગ થયો હતો.

**સોશિયલ મીડિયા:** Facebook,Instagram,whatsapp, youtube, twitter, linkedin,Google+,Google Groups જેવા પ્લેટફોર્મ દ્વારા લાઈબ્રેરીઓ ની સેવાઓ માર્કેટિંગ અને જનજાગૃતિ કાર્ય કરી શકાય છે.

**સારંશ :** ટેકનોલોજી દ્વારા જીવનમાં ઘણી સરળતા બને છે પરંતુ ટેકનોલોજીમાં ખામી સર્જાતા કાર્ય અટકી પડે છે. મોટાભાગની ટેકનોલોજી ને ચાલવા માટે વીજળીની જરૂરીયાત રહે છે. જ્યારે વીજળી ખોરવાતા બધા જ કાર્યો થપ થવાની સંભાવના રહે છે. ટેકનોલોજીનો ઉપયોગ દરમ્યાન ધ્યાન રાખવું જોઈએ કે માનવ ટેકનોલોજી બનાવવી છે. લોકો ખાસ કાળજી લેવી જોઈએ કે ટેકનોલોજી ઉપર વધુ પડતું આશ્રિત ન થવું.

**સંદર્ભ**

Real Holograms. (2018, January 29). Retrieved May 3, 2020, from https://www.youtube.com/results?search_query=tti hindi hologram

Google products. (n.d.). Retrieved May 3, 2020, from https://about.google/products/